## Recitation of Ana(n)t Akh*ādo* over 40 days

## Day 11

આશાજી દુનીયા કારણ શાહ દીનજ કીધા, તે કોઇ કોઇ જીવ ચેત્યાજી;
અબકા ભુલા કોઇ ઠામ ન પોંહોંચે, જાશે તે નરગ દુઆર.
હરી૦ (૧૨૬)

આશાજી સંસાર સરવે સૃષ્ટિ તમારી, અને સરવે માનખા જીવજી;
દયા કરી તમે અમને તારો, સામી સરવે જીવ તમારા. હરી. (૧૨૭)

આશાજી તે માંહેથી સતપંથ દીધા, દીધા તે દીદારજી;
સતપંથ માંહે જે જીવ નહી ચેત્યા, તે જાશે નરગ દુઆર.
હરી૦ (૧૨૮)

આશાજી નાનાં મોટા સરવે જીવ તમારા, અને સરવે જીવ તમારા
કહીએજી:
સહુના વર તો તમને જાણું, સોહી જાણું દેવ મોરાર. હરી. (૧૨૯)

આશાજી સરગ મરત પઇયારજ કહીએ, તે સરવેઇ જીવ તમારાજી;
સહુના વર તો તમને જાણું, સોહી જાણું દેવ મોરાર. હરી. (૧૩૦)

આશાજી સરવે માંહે સાચો સતપંથ કીધો, કીધો તે સદા ઉતમજી;
સતપંથ માંહેથી જે જીવ ભુલા, તેનું નહી કોઇ ઠામ. હરી. (૧૩૧)

આશાજી નવખંડમાંહે તમેજ રચીયા, અને રચીયા તે સરવે સંસારજી;
કાઢી પાવલ ગુરમુખે લાવ્યા, તેની બીજાને નહી કાંઇ સુધ. હરી. (૧૩૨)

**Recitation of Ana(n)t Akhādo over 40 days**

**Day 11 (continued)**

આશાજી પાવલ દઇ ગુરસું બોલજ દીધા, અને કીધા ત્યારે જાણુંજી;
ગુરે લઇ કરી રખીસરને દીધા, રખીસરે લઈને પીધા સોઇ.
હરી૦ (૧૩૩)

આશાજી પાવલ પીને ગતમાંહે આવો, અને કરો ગુરનું ગીનાનજી;
ગુરનું ગીનાન જે ઓછું કરી જાણો. તે જાશે નરગ દુઆર.
હરી૦ (૧૩૪)

આશાજી નુરના પગલાં જાહેર દીઠાં, બેઠા તે કહેકને દુઆરજી;
તે નર દેખી જે જીવ ભુલા, તે પડશે દોઝખ માંહે. હરી. (૧૩૫)

આશાજી ચઉદ ભમણુમાંહે રમીઝમી બેઠા, બેઠા તે જંપુદીપમાંહેજી;
તેની સુરત રસુલથી થાશે, તે પીર હસન કબીરદીન જાણ.
હરી૦ (૧૩૬)

આશાજી અણુત મેલા ઇયાંજ મલશે, અને અનંતે અનંત મલશેજી;
તે માંહે મોટા પીર પેગમ્બર આવે, પીર શમસદીન નિરવાણુ.
હરી૦ (૧૩૭)

Credits: Pir Hasan Kabirdin's Ana(n)t Akhādo. Published by the Ismailia Association for India, Bombay. 1949; 1952. Layout of the original publication in a 40-day recital format by Noorallah G. Juma, Ph.D. (SalmanSpiritual.com)